**મહામારીનું મહાસંકટ**

# રાજ્યમાં કેસોની સંખ્યા ૨૧૭૮ : નવા ૨૩૯ કેસ
# અમદાવાદમાં કેસોની સંખ્યા ૧૩૭૮ : નવા ૧૩૦ કેસ

**રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૧૯ મૃત્યુ : કુલ મૃત્યુઆંક ૯૦ : અમદાવાદમાં ૨૪ કલાકમાં ૧૫ મૃત્યુ : કુલ મૃત્યુઆંક ૫૩**

દે શક્તિ હમેં વો દયાનિધિ, કર્તવ્ય માર્ગ પર દટ જાવેં...

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૪૨ | ૨૨ એપ્રિલ, ૨૦૨૦, બુધવાર; ચૈત્ર વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# મહારાષ્ટ્ર-ગુજરાતમાં કોરોના બેકાબૂ

**દેશમાં કેસોની સંખ્યા ૨૦૦૦૪ : ગુજરાત તેમજ મહારાષ્ટ્ર સહિત રાજ્યમાં કોરોનાને રોકવામાં સફળતા મળી રહી નથી : કેટલાક રાજ્યોમાં પરિસ્થિતિમાં સુધાર : મૃતાંક વધી ૬૦૩ ઉપર : ૬૧ જિલ્લા કોરોના મુક્ત થયા હોવાનો આરોગ્ય મંત્રાલયનો દાવો**



નવી દિલ્હી, તા.૨૧

રાષ્ટ્રવ્યાપી લોકડાઉનન જેવા અતિ કઠોર નિર્ણય અને ધારાધોરણ વચ્ચે પણ કોરોનાના કેસોમાં ઝડપી વધારો જારી રહ્યો છે. વૈશ્વિક મહામારી બની ચુકેલા કોરોના વાયરસનો પ્રકોપ ભારતમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. આરોગ્ય મંત્રાલયના આંકડા મુડબ છેલ્લા ૨૪ કલાકના ગાળામાં જ ૧૩૩૬થી વધુ કેસો સપાટી પર આવ્યા છે. કેન્દ્ર સરકારે આક્ષેપ કરતા કહ્યુ છે કે બંગાળની ટીમ કેન્દ્રિય ટીમોને સહકાર આપી રહી નથી. આરોગ્ય મંત્રાલયના સચિવ લવ અગ્રવાલે માહિતી આપતા કહ્યુ હતુ કે ભારતમાં કોરોના સામે જંગ જીતનાર લોકોની સંખ્યા ઝડપથી વધી રહી છે. આ સંખ્યા પણ ઝડપથી વધી રહી છે. સોમવારના દિવસે એક દિવસમાં ૭૦૫ લોકો સ્વસ્થ થઈ ગયા હતા. તેમણે કહ્યુ હતુ કે ત્રણ જિલ્લામાં છેલ્લા ૨૮ દિવસમાં કોઈ કોરોના કેસ નોંધાયો નથી. હજુ સુધી દેશના ૬૧ જિલ્લા કોરોનામુક્ત થયા છે. આમાં છેલ્લા ૧૪ દિવસમાં કોઈ કોરોના

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના રેપિડ ટેસ્ટ કિટ્સ પર બે દિવસ માટે પ્રતિબંધ

**પોઝિટિવ સેમ્પલોમાં કેટલીક જગ્યાએ ખુબ અંતર આવી રહ્યા હતા જેથી બે દિવસ માટે પ્રતિબંધ : ચકાસણી કરાશે**

નવી દિલ્હી, તા. ૨૧

ભારતીય તબીબી અનુસંધાન પરિષદ (આઈસીએમઆર)ના કેઆર ગંગાખેડકરે આજે કહ્યુ હતુ કે કોરોના વાયરસ એક નવી બિમારી છે. પાંચ વેક્સીનના માનવી પર ટ્રાયલ જારી છે. ટ્રાયલ પર નજર રાખવામાં આવી રહી છે. તેમણે કહ્યુ હતુ કે છેલ્લા સાઢા ત્રણ મહિનામાં વિજ્ઞાને ઘણી પ્રગતિ કરી છે. પીસીઆર પરીક્ષણના વિકાસમાં સફળતા મળી છે. તેમણે દાવો કરતા કહ્યુ હતુ કે કુલ ૭૦ વેક્સીન પૈકી પાંચ વેક્સીન માનવી પરીક્ષણના તબક્કામાં પહોંચી ગઈ છે. તેમણે દાવો કરતા કહ્યુ હતુ કે આવુ પહેલા અન્ય બિમારીના કેસમાં ક્યારેય બન્યુ નથી. ગંગાખેડકરે કહ્યુ હતુ કે

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૫૨૭૫૭૦ | ૧૭૪૪૧૯ | ૧૦૧૨૩૧૮ |
| ભારત | ૨૦૦૦૪ | ૬૪૧ | ૩૯૦૧ |
| ગુજરાત | ૨૧૭૮ | ૯૦ | ૧૩૯ |
| ગાંધીનગર | ૧૭ | ૦૨ | ૧૩ |

# ક્રૂડની કિંમતમાં વિક્રમી ઘટાડો

**૧૯૮૩ બાદ પ્રથમ વખત ક્રૂડના ભાવ શૂન્યથી પણ નીચે પહોંચ્યા : પેટ્રોલ અને ડિઝલની કિંમતો ઘટશે : પેટ્રોલ-ડિઝલની કિંમતમાં પ્રતિલીટર ૬-૬ રૂપિયા સુધી ઘટાડો થઇ શકે : જો કોરોના પ્રકોપની વચ્ચે સરકાર ટેક્સ ઉપર બોજ નહીં વધારે તો લોકોને લાભ**

નવીદિલ્હી, તા. ૨૧

કોરોના વાયરસના પરિણામ સ્વરુપે ક્રૂડની કિંમતોમાં અભૂતપૂર્વ ઘટાડો થયો છે. આવી સ્થિતિમાં જો સરકાર ટેક્સનો બોજ વધારશે નહીં તો પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં પ્રતિલીટર ઓછામાં ઓછા છ રૂપિયાનો ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. કોરોના વાયરસના કહેરના લીધે આ વર્ષની શરૂઆતથી જ ક્રૂડની કિંમતમાં ઘટાડો જારી રહ્યો છે. છેલ્લા ડિસેમ્બર મહિનામાં ઈન્ડિયન બાસ્કેટની કિંમત ૬૫.૫ ડોલર પ્રતિબેરલ હતી જ્યારે માર્ચ મહિનામાં તે ઘટીને ૩૩.૫ ડોલર સુધી થઈ ગઈ છે. ત્યારબાદ ૧૪મી માર્ચ ૨૦૨૦ના દિવસે પેટ્રોલ અને ડિઝલ બંનેની કિંમતમાં ટેક્સ બોજ ૩-૩ રૂપિયા વધારી દેવામાં આવ્યો હતો. ત્યારબાદથી બંનેની કિંમતોમાં કોઈ ફેરફાર થયો નથી. ૨૪મી માર્ચના દિવસે બંને ફ્યુઅલ પર કરવેરા બોજ ૮-૮



રૂપિયા વધારી દેવામાં આવ્યો હતો. કોરોના વાયરસના પરિણામ સ્વરુપે ખરાબ થયેલી આર્થિક સ્થિતિની ભરપાઈ કરવાના હેતુ સાથે આ ટેક્સ બોજ વધારવામાં આવ્યો હતો. જો કે તે વખતે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં કોઈ વધારો કરવામાં આવ્યો ન હતો. પેટ્રોલિયમ ક્ષેત્રના જાણકાર લોકો કહી રહ્યા છે કે જો કેન્દ્ર સરકારે ફરી પેટ્રોલ અને ડિઝલ પર ટેક્સ

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- સિંગાપુરમાં ૩જી જુન સુધી લોકડાઉન જાહેર કરાયું.
- મધ્યપ્રદેશમાં મંત્રીમંડળનું વિસ્તરણ, નવા પાંચ મંત્રીઓ.
- અમદાવાદના બહેરામપુરા વિસ્તારના કોર્પોરેટરન કમરુદ્દીન પઠાણના ભાઈ અને પૂર્વ કોર્પોરેટર સિરાઉદ્દીનનું કોરોની મોત.
- તામિલનાડુની એક ચેનલના ૨૬ પત્રકારોને એક સાથે કોરોના પોઝિટીવ.
- સુરતમાં રમઝાન દરમિયાન કરફ્યુ ન નાંખવા કોંગ્રેસની માંગણી.
- આવતીકાલે રાજ્ય મંત્રીમંડળની વીડિયો કોન્ફરન્સથી કેબિનેટની બેઠક યોજાશે.
- દિલ્લી સરકારે જર્નાલીસ્ટોનું ફ્રી સ્ટેટીંગ સુવિધા ઉપલબ્ધ કરાવી.
- દેશના સૌથી વધુ કેસ ધરાવતા પાંચ રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૫૨૧૮ |
| ગુજરાત | ૨૧૭૮ |
| દિલ્લી | ૨૧૫૬ |
| રાજસ્થાન | ૧૬૫૯ |
| તામિલનાડુ | ૧૫૯૬ |
| મધ્યપ્રદેશ | ૧૫૫૨ |
| ઉત્તરપ્રદેશ | ૧૩૩૭ |
| તેલંગણા | ૯૨૮ |
| આંધ્રપ્રદેશ | ૭૫૭ |

## પ્રયાગરાજ ખાતેથી ૧૯ જમાતી સહિત ૩૦ની ધરપકડ

**પ્રયાગરાજમાં મસ્જિદોમાં જમાતી છુપાયેલા હતા : યોગી સરકારની મોટી કાર્યવાહી : દરોડામાં ઝડપાયેલમાં થાઇલેન્ડ અને ઇન્ડોનેશિયમાં રહેતા વિદેશી લોકો સામેલ**



પ્રયાગરાજ,તા. ૨૧

ઉત્તરપ્રદેશ સરકાર અને પોલીસ વિભાગના વારંવારના આદેશ બાદ પણ જમાતી લોકો હજુ પણ જુદા જુદા વિસ્તારમાં છુપાયેલા છે. આજે જમાતીઓ છુપાયેલા છે તેવી બાતમી મળ્યા બાદ પોલીસે આક્રમક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે માહિતી મળ્યા બાદ દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. આ દરોડાની કાર્યવાહીમાં ૩૦ લોકોની ધરપકડ કરી લેવામાં આવી હતી. જેમાં ૧૯ જમાતી લોકો હોવાની માહિતી સપાટી પર આવી છે. ઝડપાયેલા જમાતી લોકોમાં ૧૬ જમાતી વિદેશી હોવાની વિગત સપાટી પર આવી છે. પોલીસે જે લોકોની ધરપકડ કરી છે તેમાં અલ્હાબાદ યુનિવર્સિટીના પ્રોફેસર પણ સામેલ છે. અલ્હાબાદ યુનિવર્સિટીના પ્રોફેસર પણ જમાતમાં સામેલ થયા હતા. જો કે માહિતી જાહેર કરી ન હતી.

ટુરિસ્ટ વીઝા પર ભારત આવેલા જમાતી લોકો દિલ્હીમોં આયોજિત જમાતના કાર્યક્રમમાં બાગ લીધા બાદ પ્રયાગરાજ પહોંચી ગયા હતા. પોલીસને પાકી માહિતી મળ્યા બાદ દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં આ સફળતા મળી હતી. પોલીસે તરત જ જોરદાર કાર્યવાહી ગુપ્ત રીતે હાથ ધરી હતી. તેમના પરિવારને ક્વારાન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. ત્યારબાદ તપાસ કરવામાં આવતા ૧૯ જમાતી લોકોની ધરપકડ કરી લેવામાં આવી હતી.

ઝડપાયેલામાં સાત ઈન્ડોનેશિયન અને નવ થાઈલેન્ડના છે. કેરળ અને બંગાળના એક એક જમાતી પણ ઝડપાયેલામાં સામેલ છે.

# દુનિયામાં કોરાનાથી તોબાતોબા

**કેસની સંખ્યા વધી ૨૫ લાખથી વધુ : મોતનો આંકડો ૧૭૦૪૮૨ ઉપર પહોંચ્યો : છેલ્લા ૨૪ કલાકમાં મોટી સંખ્યામાં કેસ સપાટીએ આવ્યા**

નવી દિલ્હી,તા. ૨૧

કોરોના વાયરસનો ખતરનાક તાંડવ દુનિયાના દેશોમાં જારી રહ્યો છે.કુલ કેસોની સંખ્યા વધીને આજે ૨૪૮૨૫૫૬ સુધી પહોંચી ગઈ હતી. જ્યારે કોરોનાગ્રસ્ત દેશોમાં મોતનો આંકડો વધીને ૧૭૦૪૮૨ સુધી પહોંચી ગયો હતો. દુનિયાના ૨૧૦ દેશોમાં હાહાકાર મચેલો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૫૭૩૪૮ સુધી પહોંચી ગઈ છે. અમેરિકામા પણ કેસોની સંખ્યા ૭૯૨૯૩૮ સુધી પહોંચી ગયો છે. અમેરિકામાં મોતનો આંકડો વધીને ૪૨ હજારથી ઉપર પહોંચી ગયો છે. ઈટાલી અને ફ્રાન્સમા પણ કેસો અને મોતનો આંકડો અવિરત રીતે વધી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તર કોરિયાના લીડર કિમ જોંગ ગંભીર હાલતમાં છે

**કાર્ડિયોવેસ્કુલરના કારણે હાલમાં એક ઓપરેશન કરવામાં આવ્યા બાદ તબિયત ખરાબ હતી**

શિયોલ, તા. ૨૧

ઉત્તર કોરિયાના ચર્ચાસ્પદ લીડર કિમ જોંગ ઉન બ્રેન ડેડ થયા હોવાના હેવાલ મળી રહ્યા છે. જો કે આને સંપૂર્ણરીતે હજુ સુધી સમર્થન મળી રહ્યુ નથી. પ્રાપ્ત માહિતી મુજબ ઉત્તર કોરિયાના લીડર કિમ જોંગ ઉન ગંભીર રીતે બિમાર થઈ ગયા છે. હાલમાં તેઓ જીવન માટે સંઘર્ષ કરી રહ્યા છે. એમ કહેવામાં આવે છે કે કાર્ડિયોવેસ્કુલરના કારણે હાલમાં તેમના પર એક ઓપરેશન કરવામાં આવ્યુ હતુ. હેવાલ મુજબ કિમ જોંગની સર્જરી કરવામાં આવ્યા બાદ તેમની તબિયત વધારે



બગડી ગઈ હતી. હાલમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. એક અમેરિકી અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે કિમ જોંગ ઉનની જાનને ખતરો રહેલો છે. છેલ્લા કેટલાક મહિનાથી તેમની તબિયત સતત ખરાબ ચાલી રહી હતી.કિમ જોંગ ખુબ વધારે પડતા પ્રમાણમાં સ્મોકિંગ કરે છે. તેમને સ્થુળતાની પણ બિમારી રહેલી છે. કિમ જોંગઉનને છેલ્લે ૧૧મી એપ્રિલના દિવસે જોવામાં આવ્યા હતા. એટલુ જ નહીં બલ્કે કિમ જોંગ પોતાના દાદાના જન્મદિવસ પર થનાર કાર્યક્રમમાં

● અનુસંધાન પાન-૭ પર


**શ્રદ્ધાંજલિ**



સ્વ. મોટાં ઘેમરભાઇ ચૌધરી (માણેકપુર )
સ્વર્ગસ્થ તા. ૨૧-૦૪-૨૦૨૦

સમગ્ર આંજણા ચૌધરી સમાજનાં મોભી અને માર્ગદર્શક શ્રી મોટાં ઘેમરભાઈ ચૌધરી અક્ષર નિવાસી થતાં સમગ્ર સમાજ ઘેરા શોકની લાગણી અનુભવે છે. સમાજનાં વડીલ તરીકે સદાય હસતાં મુખે પ્રેરણાદાયી રાહ ચીંધવા સાથે તેમણે આપેલાં યોગદાનને ક્યારેય ભુલાશે નહી...! પૂ. મોટાં ઘેમરભાઈ આજીવન સંઘર્ષ કરી સત્કર્મની સાથે ગમે તેવાં ચમરબંધીનાં મોઢાં પર સાચું કહેવામાં ક્યારેય પીછેહઠ નહી કરીને સ્વમાનભેર જીવ્યાં છે. ગાંધીનગર અને માણસા ખાતે શૈક્ષણિક ક્ષેત્રે બહુમૂલ્ય યોગદાન આપનાર મોટાં ઘેમારબાપાએ વિવિધ ક્ષેત્રે સમાજ સેવાનું ઉભું કરેલું ભાથું આવનાર સમયમાં સૌનાં માટે ઉદાહરણરૂપ બની રહેશે.....

પ્રભુ સ્વર્ગસ્થનાં આત્માને શાંતિ અને પરિવારજનો ઉપર આવી પડેલાં દુઃખને સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે મોટાં ઘેમરબાપાને ભાવભીની શ્રદ્ધાંજલિ..!

લી.
હરીભાઇ વી. ચૌધરી
પ્રમુખ તેમજ કારોબારી સમિતિ અને અગ્રણીઓ
અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર
અખિલ આંજણા સેવા મંડળ, માણસા